ઈલ્યાસ શેખ

કડોદરામાં કન્ટેનર પલટી જતાં વાહન વ્યવહાર ખોરવાયો

લાંબા સમય સુધી ટ્રાફિક જામ રહેતાં વાહનચાલકો અટવાયા

પલસાણાઃ પલસાણાના કડોદરા સીએનજી કટ નજીક નેશનલ હાઈવે નં.48 પર શનિવારે એક મોટું કન્ટેનર પલટી મારી જતાં વાહનવ્યવહાર ખોરવાતાં ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. હાઈવેના વિસ્તરણ કાર્યને કારણે સર્વિસ રોડ પર કેનાલ નજીકનો રસ્તો સાંકડો થઈ ગયો છે. આ સંજોગોમાં આ વળાંક જોખમી બની ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ શનિવારે એક મોટું કન્ટેનર અહીંથી વળાંક લઈ રહ્યું હતું, દરમિયાન ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવતાં કન્ટેનર રોડની બાજુમાં પલટી મારી ગયું હતું.

કન્ટેનર રોડની બાજુમાં પડ્યું હોવા છતાં સાંકડા રસ્તાને કારણે આ જગ્યાએ ટ્રાફિકની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી. બનાવની જાણ થતાં જ પોલીસ તંત્ર તુરંત દોડી આવ્યું હતું.

પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિકને નિયંત્રિત કરવાની કામગીરી હાથ ધરી હતી તેમજ ક્રેનની મદદથી પલટી મારી ગયેલા કન્ટેનરને દૂર કરવા તજવીજ શરૂ કરી હતી. લાંબા સમય સુધી ટ્રાફિક જામ રહેતાં વાહનચાલકો અટવાયા હતા.

લગ્નની વાત ચાલતી હતી તેને કહ્યું: હું આપઘાત કરું છું

કામરેજ કેનાલ રોડની સોસાયટીમાં રહેતી મહિલાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો

10 વર્ષ પૂર્વે થયેલા લગ્ન તૂટી જતાં ભાઈ સાથે રહેતી હતી

કામરેજ: કામરેજ કેનાલ રોડની સોસાયટીમાં રહેતી મહિલાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મૂળ અમરેલી જિલ્લાના ધોળાદ્રી ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના કામરેજ કેનાલ રોડ પર પટેલ પાર્ક સોસાયટીમાં મકાન નંબર 58માં અનીલ ભુરા પરમાર પરિવાર સાથે રહે છે. અનીલની બહેન રેખાબેન (ઉ.વ.29)ના વર્ષ 2015માં લગ્ન થયાં હતા, પરંતુ તે તૂટી ગયા હોવાથી ભાઈની સાથે રહેતી હતી અને પાર્લરનું કામ કરતી હતી. રેખાબેનની હાલ અમદાવાદ ખાતે રહેતા યુવક સાથે લગ્નની વાતચીત ચાલતી હતી. શુક્રવારે રાત્રે અનીલભાઈ તેમના પરિવાર સાથે પોતાના રૂમમાં ઊંઘી ગયા હતા. જ્યારે નાનો ભાઈ સોફા પર સૂતો હતો. બહેન મંદિરવાળી રૂમમાં સૂતી હતી.

રાત્રે રેખાબેનની અમદાવાદ ખાતે રહેતા યુવક સાથે વાતચીત ચાલતી હતી. પોતે આપઘાત કરવાની હોવાનું જણાવતા અમદાવાદ ખાતે રહેતા યુવકે રેખાબેનના ભાઈને ટેલિફોનીક જાણ કરતાં નીચે રૂમમાં જોવા આવતા દરવાજો બંધ હતો. દરવાજો તોડવાની કોશિશ કરતાં દરવાજો ન તૂટતાં આખરે સંબંધીને બોલાવીને રૂમનો દરવાજો તોડી નાંખ્યો હતો. રેખાબેન પંખા સાથે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા, જેમને તુરંત નીચે ઉતારીને સારવાર માટે ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં લઈ જવાતાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રેખાબેને કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

બારડોલીમાં રેલવે ફાટક બંધ, ગરનાળા પાસે ટ્રાફિક

બારડોલી : બારડોલી સુગર ફેક્ટરી નજીકની રેલવે ફાટક સમારકામ માટે બંધ કરવામાં આવી હોવાથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ રહી છે. સાંજના સમયે રેલવે ફાટકના ગરનાળા નજીક વાહનોનો જમાવડો થઈ ગયો હતો. ગાંધી રોડ અને તેન રોડ પર પણ વાહનોની લાંબી કતાર લાગી જતાં લોકો ત્રાસી ગયા હતા.

બારડોલીમાં લાંબા સમયથી અસ્તાન રેલવે ફાટક પર ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. અહીં ગડર ચલાવવાની કામગીરીને કારણે સપ્ટેમ્બર સુધી રેલવે ફાટક બંધ કરવામાં આવી હતી. જે હજી સુધી શરૂ થઈ નથી. બે દિવસથી સુગર ફેક્ટરી નજીકની રેલવે ફાટક સમારકામના નામે બંધ કરી દેવામાં આવતાં ટ્રાફિક જામની સ્થિતિ સ્ફોટક બની છે. બાબેન તરફથી આવતા વાહનોનો રેલવે ગરનાળા પાસે જમાવડો થઈ રહ્યો છે. તો ગાંધી રોડ અને તેન રોડ પર પણ વાહનોની લાંબી કતાર લાગી હોવાથી વાહન ચાલકોનો સમય અને ઈંધણ બંને બરબાદ થઈ રહ્યાં છે.

સંક્ષિપ્ત સમાચાર

આમોદના વિવિધ વિસ્તારમાં વીજ દરોડા, 25 લાખની ચોરી પકડાઈ

આમોદ, ભરૂચઃ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની વિજિલન્સ ટીમે શનિવારે સવારે પોલીસને સાથે રાખી રેડ કરી હતી, જેમાં કુલ રપ લાખની વીજ ચોરી પકડાઈ હતી. વિજિલન્સ ટીમે મીટર તેમજ સર્વિસ વાયર્સ સહિતનો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આમોદ પંથકમાં શનિવારે વહેલી સવારે દક્ષિણ ગુજરાત વીજ કંપનીની વિજિલન્સ ટીમે આમોદ તાલુકાના આછોદ, મછાસરા, રોઝા ટંકારિયા, નાહિયેર, ઈંટોલા, બુવા, નવાવાડિયા, માતર, તેગવા, નિણમ, રોધ, શ્રીકોઠી જેવાં ગામોમાં દરોડા પાડી લંગર નાંખીને તેમજ મીટર સાથે છેડછાડ કરી વીજ ચોરી કરતા 44 કેસ ઝડપી પાડ્યા હતા, જેમાં વીજ ચોરોને કુલ 25 લાખનો વીજ દંડ ફટકારવામાં આવ્યો હતો. દક્ષિણ ગુજરાત વીજ કંપનીની 40 વિજિલન્સ ટીમે પોલીસને સાથે રાખી દરોડો પાડતાં વીજ ચોરી કરતાં તત્ત્વોમાં ફફડાટ ફેલાઇ ગયો હતો. વીજ કંપનીએ મીટર તેમજ સર્વિસ વાયર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પલસાણામાં ક્લિનિક ખોલીને બેઠેલો ઝોલાછાપ તબીબ ઝડપાયો

પલસાણાઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કારેલી ગામે ગેરકાયદે મેડિકલ પ્રેક્ટિસ ચલાવતા એક બોગસ ડોક્ટરને પલસાણા પોલીસે ઝડપી પાડ્યો છે. સુરત જિલ્લા એસઓજી શાખાની ટીમે ગત રોજ પલસાણા તાલુકાના કારેલી ગામે રાશી રેસીડેન્સી ખાતે "કિંતી ક્લિનીક" પર દરોડો પાડ્યો હતો. આ ક્લિનિક ચલાવનાર આરોપી રીતેશ કનુભાઈ હલદર (ઉ.વ-33) ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવ્યા વગર ગેરકાયદે રીતે ડોક્ટરની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી ધી ગુજરાત મેડીકલ પ્રેકટીસ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ અને ૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ક્લિનિકમાંથી મેડિકલ સાધન સામગ્રી તથા દવાઓ સહિત કુલ રૂ. ૮,૯૫૩.૬૪/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

કામરેજની રામકબીર શાળામાં સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી

કામરેજઃ કામરેજ ચાર રસ્તા ખાતે ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર શાળામાં સતર્કતા જાગૃતિ સપ્તાહ ઉજવાયો હતો, જેમાં ઉ.માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં ચૌહાણ ક્રિશા બાબુભાઈ 12 કોમર્સ તેમજ વક્તૃત્વ સ્પર્ધામાં જોશી ધાર્મિ ગીરીશભાઈએ 11 આર્ટસ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ તેમજ સુરત ગ્રામ્ય વિભાગના લાંચ રૂશ્વત શાખાના અધિકારીઓએ પણ હાજરી આપી હતી.

ઊભેલા ટ્રેક્ટરને કન્ટેનર ટક્કર મારતાં ત્રણ કામદારનાં મોત

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઇવે ઉપર માતર ગામ પાસે બનેલી ઘટના

લોખંડની ગ્રીલનું કામ કરતા ટ્રેક્ટરને અકસ્માત, એક ઘાયલ

ભરૂચ, આમોદઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર શનિવારે બપોરે લોખંડની ગ્રીલનું કામ કરતા ટ્રેક્ટરને અચાનક ધસી આવેલી ટ્રકે ટક્કર મારતાં ત્રણ મજૂરનાં મોત થયાં હતાં. જ્યારે અન્ય એકને ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આમોદ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઇવે ઉપર આમોદના માતર ગામ નજીક શનિવારે બપોરે લોખંડની ગ્રીલનું કામ ચાલુ હોવાથી એક ટ્રેક્ટર માર્ગની સાઈડમાં ઊભું હતું. ત્યારે ભરૂચથી વડોદરા તરફ પૂરઝડપે જતા કન્ટેનરે પાછળથી ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારતાં ટ્રેક્ટરને કચડી નાંખ્યું હતું.

આ બનાવમાં ટ્રેક્ટરમાં બેઠેલા મધ્યપ્રદેશના ત્રણ મજૂર બલસિંગ મકનસિંગ ગેહલોત, જાનુકોદર ભુરિયા રહેમ, મૌવન ભીંડુ મુનિયાનાં મોત થયાં હતાં.

જ્યારે શિવો ભલુ ભુરિયાને ઈજા થતાં તેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં આમોદ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા.

અકસ્માત કરનાર કન્ટેનર ડ્રાઈવરની પોલીસે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી હતી.

કામરેજમાં પરિણીતાએ ફાંસો ખાઈ લેતાં બે સંતાન નોંધારા

કામરેજઃ કામરેજ ચાર રસ્તા વિસ્તારમાં રહેતી પરિણીતાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે.

મૂળ ભાવનગર જિલ્લાના ઉજળવાવ ગામની અને હાલ સુરત સિંગણપોર ચાર રસ્તા નજીક અક્ષરદીપ સોસાયટીમાં રહેતા બાબુભાઈ તળશીભાઈ સવાણીની નાની પુત્રી રેણુકાબેન (ઉ.વ.35)ના લગ્ન અગિયાર વર્ષ અગાઉ કામરેજ તાલુકાના નવાગામ ગામની હદમાં ભવાની કોમ્પલેક્ષ સોસાયટીમાં સત્યમ બંગલોઝમાં રહેતા નવીન ભીખાભાઈ પટેલના પુત્ર હર્ષિલ સાથે થયા હતાં. લગ્ન જીવન દરમિયાન તેમને બે સંતાન છે. શુક્રવારે સંતાનો સ્કૂલેથી આવતા માતા-પિતાના રૂમમાં જોવા ગયા તો રેણુકાબેન પંખા ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. બાળકોએ બુમો પાડતાં ઘરના સભ્યો દોડી આવ્યા હતા અને તમામને જાણ કરી હતી. કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રેણુકાબેનના પતિ કાપડના ધંધા સાથે સંકળાયેલા છે.

Powerd By. APPLE PUBLIC SCHOOL
નવા સત્રની શુભકામનાઓ...
શ્રી VASHISHTH INTERNATIONAL SCHOOL
AN OCEAN OF OPPORTUNITIES
Vibrant and Exciting Place to Learn
CARE COMMITMENT CREATIVE
ADMISSION OPEN
ટ્રસ્ટી શ્રીઃ દિપકભાઈ ભોખા- તેજેન્દ્રભાઈ સાવળિયા
NURSERY • JR.KG • SR.KG • STD: 1 to 12 SCIENCE/COMMERCE
G.S.E.B. BOARD | C.B.S.E. Based learning

ADITYA BIRLA GRASIM
DEEPAWALI GREETINGS
Birla Cellulose
BIRLA CELLULOSIC
Birladham, Kharach, Kosamba (R.S.),
Dist. Bharuch (Gujarat)–394 120
Tel: 02646 270001-5, 270301-5
liva natural fluid fashion
"LIVA" FABRIC - Natural Fluid Fashion
"LIVA" is a leading Fashion Fabric Brand from Aditya Birla Group. The Fabric has a sense of comfort and vast versatility.
Birla viscose | Birla modal | Birla excel | Birla puroexcel | Birla purocel

નૂતનવર્ષાભિનંદન
મનિષ પટેલ
Mo. 99251 86170
શ્રી ગણેશ
ફરસાણ & સ્વીટ માર્ટ
ફિરદોષ શોપીંગ સેન્ટર, કીમ ચાર રસ્તા.

Milano MULTIPLEX
બારડોલી
Laalo-krishna Sada Sahayate- Gujarati
12:00pm, 02:00pm, 03:00pm, 04:00pm, 05:30pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
The Taj Story : 10:00am
Haq : 11:00am
Chaniya Toli-Gujarati 01:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

ઓલપાડ તાલુકા કરણી સેના પ્રમુખશ્રી સુજીતસિંહ અજીતસિંહ સોલંકી તથા ઓલપાડ તાલુકા કરણીસેના ઉપપ્રમુખ પાર્થસિંહ ઈશ્વરસિંહ ડોડીયાના નૂતનવર્ષાભિનંદન
સુજીતસિંહ અજીતસિંહ સોલંકી (ઓલપાડ તાલુકા કરણી સેના પ્રમુખ)
પાર્થસિંહ ઈશ્વરસિંહ ડોડીયા (ઓલપાડ તાલુકા કરણી સેના ઉપપ્રમુખ)

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભકામના
ધી ઓલપાડ-સાયણ-કીમ નાગરિક ધિરાણ સહકારી મંડળી
લિ. મુ. ઓલપાડ મુ.પોસ્ટ-ઓલપાડ (કોર્ટ રોડ) જી. સુરત.
પ્રમુખ શ્રી: શ્રી ભાવિન રમેશભાઈ પટેલ
ઉ.પ્રમુખ શ્રી: શ્રી સન્મુખભાઈ ગોવિંદભાઈ ટીંમર
ડિરેક્ટર
શ્રી પરિમલ હરીશભાઈ મોદી - ઓલપાડ
શ્રી સુરેશભાઈ રાજારામ ગુપ્તા-ઓલપાડ
શ્રી હસમુખભાઈ બાબુલાલ શાહ -ઓલપાડ
શ્રી મનન જગદીપભાઈ ઝવેરી-ઓલપાડ
ગં.સ્વ.શારદાબેન કૌશિકભાઈ પટેલ -ઓલપાડ
શ્રી હેમુભાઈ ખુશાલભાઈ પાઠક -સાયણ
શ્રી ધર્મેશકુમાર નગીનભાઈ પટેલ -સાયણ
શ્રી મિતેશકુમાર રમેશભાઈ પટેલ -સાયણ
શ્રી જૈમિનસિંહ દિલીપસિંહ ઠાકોર -સાયણ
શ્રી શાંતિલાલ હીરાલાલ જૈન -કીમ
શ્રી દિલીપસિંહ મનહરસિંહ મહિડા -કીમ
શ્રી અજયભાઈ કરશનભાઈ રામાણી -કીમ
ગં.સ્વ. રૂક્મણીબેન હસમુખભાઈ પટેલ-કીમ

નૂતનવર્ષાભિનંદન
શિવમ ટ્રેડીંગ કું.
અનાજ કરીયાણાના તથા પશુઆહારના જથ્થાબંધ વેપારી
SHOP NO.8,9,10, VIJAY NAGAR, PALOD, AT POST- PALOD, KIM CHAR RASTA

નૂતનવર્ષાભિનંદન
ધી. કીમ વિભાગ સહકારી ખેતીપાક રૂપાંતર અને વેચાણ કરનારી મંડળી લી.
પ્રમુખશ્રી: શ્રી સુરેન્દ્રસિંહ અભેસિંહ દેવધરા
ઉપપ્રમુખશ્રી: શ્રી જીવણભાઈ જેકીશનભાઈ પટેલ
તથા બોર્ડ ડીરેક્ટરશ્રી તથા સભાસદ મિત્રો

નવાવર્ષની હાર્દિક શુભેચ્છા સહ
સીયાલજ દૂધ મંડળી
પ્રમુખઃ ગણપતભાઈ જેકીશનભાઈ પટેલ
મંત્રીઃ મહેન્દ્રભાઈ હરજીવનભાઈ પટેલ
અને કમીટીના તમામ સભ્યો તથા મંડળીના તમામ સભાસદ ભાઈ બહેનો

નૂતનવર્ષાભિનંદન
સુરત જીલ્લાના તમામ હિન્દુભાઈ બહેનોને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા
સઈદભાઈ ભાણા
-લિ. સઈદભાઈ ભાણા
(દથૂરણ) (પીઢ કોંગ્રેસી કાર્યકર)

નવા વર્ષની હાર્દિક શુભેચ્છા
પીપોદરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.
પ્રમુખઃ પંકજભાઇ ચંપકભાઇ પટેલ
ઉ.પ્રમુખઃ રાકેશભાઇ હસમુખભાઇ પટેલ
મંત્રીઃ રાકેશકુમાર લલ્લુભાઇ પરમાર
અને મંડળીના તમામ કમિટી સભ્યો
ત્થા સભાસદ ભાઇ બહેનો

જાહેર નોટીસ કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ. માંડવી.

વાદી : ઈસ્માઈલ હુશેનશાહ અબદાલ, રહે. ૧૧, સુકુન રો હાઉસ, ફીટાદા કેનલ મસ્જીદે ઈબ્રાહીમ ફતીહવાડી, અમદાવાદ-૩૮૦૦૫૫ વિરૂધ્ધ

નં.જન્મ મરણ/અપીલ નં. ૨૭૦/૨૦૨૫ તા. ૨૬/૦૮/૨૦૨૫

પ્રતિવાદીઃ જન્મ મરણ રજીસ્ટ્રાર તરસાડી નગરપાલિકા, તા.માંગરોળ,જી. સુરત

વિષય : જન્મ/મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધણી બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી ઈસ્માઈલ હુશેનશાહ અબદાલ, રહે. ૧૧, સુકુન રો હાઉસ, ફીટાદા કેનલ મસ્જીદે ઈબ્રાહીમ ફતીહવાડી, અમદાવાદ-૩૮૦૦૫૫ એ તેઓના પુત્ર મોહમદઆમીન ઈસ્માઈલભાઈ અબદાલનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.

(૧) નોંધણી કરાવવાની છે તેનું નામઃ મોહમદઆમીન ઈસ્માઈલભાઈ અબદાલ (૨) જન્મ તારીખઃ ૩૧/૦૧/૧૯૮૬ (૩) જન્મનું સ્થળઃ મોજે તરસાડી, તા. માંગરોળ, જી. સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મોહમદઆમીન ઈસ્માઈલભાઈ અબદાલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા. ૧૮/૦૧/૨૦૨૫ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો રજુ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી. એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૨૬/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી :- સહી
કૌશિક જાદવ, સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવી પ્રાંત, જિ. સુરત

"નવા વર્ષની હાર્દિક શુભેચ્છા સહ"
ધી કોસંબા પૂર્વ વિભાગ કો-ઓ. ક્રેડિટ સોસાયટી લી. કોસંબા
સહકાર ભવન, રેસ્ટ હાઉસની સામે, જુનાગામ કોસંબા (આર.એસ.)
તા. માંગરોલ, જી. સુરત, પીન-૩૯૪૧૨૦,
ફોન નં. (૦૨૬૨૯) ૨૩૫૧૫૪

છેલ્લો ઓડિટ વર્ગ - 'અ' પહોંચીએ પ્રગતિનાં શિખરે, એકમેકના સહકારે આ રહ્યા પ્રગતિનાં સંગીન પુરાવા....

(૩૧-૦૩-૨૦૨૫ નાં સંદર્ભમાં) ફિક્સ ડિપોઝીટના વ્યાજ દરો

મંજુર થયેલ શેર ભંડોળ	રૂા.	૧૦,૦૦,૦૦૦-૦૦	૯૧ થી ૧૨૦ દિવસ	૪.૫૦%
સભ્ય સંખ્યા		૧૨૬૨	૧૨૧ થી ૧૭૯ દિવસ	૪.૫૦%
ભરપાઇ થયેલ શેર ભંડોળ	રૂા.	૪,૪૮,૭૨૫-૦૦	૧૮૦ થી ૨૭૦ દિવસ	૫.૦૦%
રિઝર્વ તથા અન્ય ફંડો	રૂા.	૭,૬૫,૬૫,૩૨૪-૪૦	૨૭૧ થી ૩૬૪ દિવસ	૫.૦૦%
થાપણો	રૂા.	૨૦,૭૩,૬૧,૩૫૪-૪૩	૧ વર્ષ કે તેથી વધુ	૬.૦૦%
ધિરાણ	રૂા.	૧૯,૩૫,૨૪,૧૦૧-૫૫	સેવિંગ્સ ડિપોઝીટ	૩.૦૦%
નફો	રૂા.	૩૫,૩૧,૬૬૦-૭૩	સિનિયર સીટીઝન માટે ૦.૫૦% વધુ	
કામકાજનું ભંડોળ	રૂા.	૩૧,૨૧,૭૧,૧૫૯-૬૯		

વર્ષો વર્ષ આપના સહકારની અપેક્ષા રાખીએ છીએ

સંસ્થામાં ગોલ્ડલોન, સેઇફ ડિપોઝીટ વોલ્ટ અને ATM ની સુવિધા ઉપલબ્ધ છે.

યુસુફ ઇશાકજી પટેલ ચેરમેન	યાસ્મીનબેન ફૈઝલભાઇ દાઉદજી વા.ચેરમેન
યુસુફ મોહંમદ જીવા ઓ.જ.સેક્રેટરી	યુસુફ ઇબ્રાહીમ ખાનજી જો.સેક્રેટરી

તથા બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ